RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 69* Date: 28.12.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ભારત બાયોટેકની નેઝલ વેક્સિનના ભાવ નક્કી થયા

# ખાનગી હોસ્પિટલમાં રૂ. ૮૦૦ અને સરકારીમાં રૂ. ૩૨૫માં મળશે

### આરોગ્ય પ્રધાને સફદરજંગ હોસ્પિટલની લીધી મુલાકાત



નવીદિલ્હી,તા.૨૭

ભારતમાં કોરોનાના વધતા જતા જોખમ વચ્ચે કેન્દ્ર સરકારે ચાર દિવસ પહેલાં ભારત બાયોટેકની નેઝલ વેક્સિન (નાકથી લેવાની રસી)ને મંજૂરી આપી હતી. હવે આ વેક્સિનના ભાવ નક્કી કરવામાં આવ્યા છે. આજે જાહેર થયેલા ભાવ મુજબ નેઝલ વેક્સિન ખાનગી હોસ્પિટલમાં ૮૦૦ રૂપિયામાં અને સરકારી હોસ્પિટલમાં ૩૨૫ રૂપિયામાં આપવામાં આવશે. બંનેમાં ૫ ટકા જીએસટી અલગથી લેવાશે એટલે ૮૪૦ રુપિયામાં અને ૩૪૫ રૂપિયામાં ટેક્સ સાથે આ રસી પડશે. હાલ આપણને સ્નાયુમાં ઈન્જેક્શન દ્વારા વેક્સિન લગાવવામાં આવે છે. આ વેક્સિનને ઈન્ટ્રામસ્ક્યુલર વેક્સિન કહે છે. નેઝલ વેક્સિન એ હોય છે જેને નાક દ્વારા આપવામાં આવે છે. તેને ઈન્ટ્રાનેઝલ વેક્સિન કહેવામાં આવે છે. એટલે કે તેને ઈન્જેક્શનથી આપવાની જરૂર નથી અને ન તો ઓરલ વેક્સિનની જેમ પીવડાવવામાં આવે છે. આ એક રીતે નેઝલ સ્પ્રે જેવી છે.

નેઝલ વેક્સિનના ચાર ટીપાં એક જ વખત નાકમાં નાખવાના રહેશે. આ જનરલ ટીપાં નથી પણ રસી છે એટલે વારેવારે નાકમાં નહીં નંખાય. પહેલીવાર પણ ડોક્ટરની સલાહ લઈને વેક્સિન વાપરવી. આનાથી ફાયદો એ થશે કે સોયવાળી વેક્સિન લેવી નહીં પડે. જેમણે બૂસ્ટર ડોઝ નથી લીધો તે ડોક્ટરને પૂછીને નેઝલ વેક્સિન લઈ શકે છે. આ વેક્સિન નાકમાં નાંખવાના ટીપાં રૂપે જ અપાશે અને તે સરકારી અને ખાનગી હોસ્પિટલમાં આપવામાં આવશે. આજે દેશભરનાં કોવિડ હેલ્થ સેન્ટરો પર મોકડ્રિલ શરૂ થઈ ગઈ છે. દરમિયાન કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી મનસુખ માંડવિયાએ સફદરજંગ હોસ્પિટલની મુલાકાત લઈને મોકડ્રિલની સમીક્ષા કરી હતી. તેમણે હોસ્પિટલના અધિકારીઓ સાથે વાત કરી છે. ઓક્સિજન સપ્લાય અને વેન્ટિલેટર માટે કરવામાં આવેલી તૈયારીઓ વિશે માહિતી મેળવી.

તમામ રાજ્યોમાં મોકડ્રિલ કરવામાં આવ્યું છે. આરોગ્યમંત્રી કોરોના માટે હોસ્પિટલોમાં કરવામાં આવેલી તૈયારીઓની તપાસ કરી રહ્યા છે.

એ જ સમયે ઈન્ડિયન મેડિકલ એસોસિયેશને પણ લોકોને માસ્ક પહેરવાની અપીલ કરી છે. ૨૦૨૦-૨૧માં આ વસ્તુઓની ભારે અછત હતી. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર આ વ્યવસ્થાઓને મજબૂત રાખવા માગે છે. બીજી તરફ દિલ્હી સરકાર કોરોનાની સ્થિતિને પહોંચી વળવા તૈયારીઓ કરી રહી છે. ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ કહ્યું કે દવાઓની ખરીદી અને અન્ય વ્યવસ્થા માટે ૧૦૪ કરોડ રૂપિયાનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે.

સ્વાસ્થ્યમંત્રી વિશ્વાસ સારંગે મધ્યપ્રદેશમાં કોવિડ-૧૯ પર આયોજિત મોકડ્રિલનું નિરીક્ષણ કર્યું. તેમણે કહ્યું હતું કે કોરોનાની સ્થિતિ ચિંતાજનક નથી છતાં આપણે સતર્ક રહેવું પડશે. તેમણે કહ્યું હતું કે આજે મારો જન્મદિવસ છે, પરંતુ મહામારીના વધતા જતા પ્રકોપને કારણે હું જન્મદિવસની ઉજવણી નહીં કરું.

દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિદેશથી આવનારા નાગરિકો પર વોચ રાખવા માટે સરકારી શિક્ષકોને એરપોર્ટની ડ્યૂટીમાં લગાડી દેવામાં આવ્યા છે. બીજી તરફ, બિહારના બૌદ્ધ ગયામાં વિદેશથી આવનારા લોકોના ટેસ્ટિંગ દરમિયાન ૧૧ વિદેશી નાગરિક કોવિડ પોઝિટિવ મળ્યા છે, જેમાંથી એક ઈંગ્લેન્ડના અને ૧૦ મ્યાનમાર તથા બેંગકોકના નાગરિક છે.કાનપુરમાં કોવિડ-૧૯ દર્દીઓ માટે આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો હતો. બીજી તરફ, દેશભરમાં યોજાનારી આ મોકડ્રિલમાં તમામ રાજયોના આરોગ્યમંત્રીઓ પણ ભાગ લેશે, સાથે જ આઈએમએએ પણ લોકોને માસ્ક પહેરવાની અપીલ કરી છે. જણાવી દઈએ કે ૨૦૨૦-૨૧માં આ વસ્તુઓની ભારે અછત હતી. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર આ વ્યવસ્થાઓને મજબૂત રાખવા માગે છે.

દેશમાં આજે યોજાનારી મોક ડ્રીલ ચીનની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહી છે. કોવિડને ધ્યાનમાં રાખીને, દેશના તમામ જિલ્લાઓમાં આરોગ્ય સુવિધાઓની ઉપલબ્ધતાનું મૂલ્યાંકન કરવામાં આવશે. દરમિયાન, ઘણા રાજ્યોએ કોવિડને નિયંત્રણમાં રાખવા માટે તેમના પોતાના પગલાંની જાહેરાત કરી છે.આજે કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ કોવિડ મોકડ્રીલની સમીક્ષા કરવા સફદરજંગ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

તેની સાથે જ દેશભરની તમામ કોવિડ હોસ્પિટલોમાં મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું . મોક ડ્રીલ દરમિયાન કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ કહ્યું કે, વડાપ્રધાન દ્વારા પણ તમામ નાગરિકને સાવચેત રહેવા અપીલ કરાઈ છે. હોસ્પીટલમાં આરોગ્ય સ્ટાફની હાજરી અંગે તપાસ અને જાણકારી માટે આરોગ્ય પ્રધાનએ ત્યાં મુલાકાત લીધી હતી.આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, જે રીતે વિશ્વમાં કોરોના વધી રહ્યો છે તે રીતે દેશમાં કોરોના ન વધે તે માટે મોકડ્રીલ કરવામાં આવી રહી છે.

# જનજાતિય ભાષાઓમાં પણ મળશે બાળકોને ઉચ્ચ શિક્ષણ,આદિવાસી સમુદાયને લાભ મળશે

### ઉચ્ચ શિક્ષાના પુસ્તકો ૧૨ ભારતીય ભાષાઓની સાથે સાથે જનજાતીય ભાષાઓમાં પણ ઉપલબ્ધ કરાવાશે : શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન

નવીદિલ્હી,તા.૨૭

કેન્દ્રીય શિક્ષણ મંત્રી અને ભાજપ નેતા ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે દેશમાં હવે ઉચ્ચ શિક્ષાના પુસ્તકો ૧૨ ભારતીય ભાષાઓની સાથે સાથે જનજાતીય ભાષાઓમાં પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.તેમના જણાવ્યા અનુસાર વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ (યુજીસી) આ પુસ્તકોનું અનુવાદ જનજાતીય ભાષાઓમાં કરાવવામાં આવશે.

કેન્દ્રીય શિક્ષા મંત્રી અનુસાર એનસીઈઆરટી પહેલા જ સ્કુલી શિક્ષા અને એન્જીનિયરિંગના પ્રથમ વર્ષના પુસ્તકો જનજાતિય ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવા પર કામ કરી રહ્યું છે.

કેન્દ્રીય શિક્ષા મંત્રીનું કહેવુ છે કે રાષ્ટ્રીય શિક્ષા નીતિ (એનઈપી) સ્થાનિક ભાષાઓમાં શિક્ષાને પ્રોત્સાહન આપે છે.રાષ્ટ્રીય શિક્ષા નીતિની આ પહેલનો લાભ આદિવાસી સમુદાયને પણ મળશે. તેમણે કહ્યું કે એનસીઈઆરટી સ્કુલમાં વિવિધ સ્તર પર અભ્યાસ કરાવનારા પુસ્તકોને જનજાતિય ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવા પર કામ કરી રહ્યો છે. આ ઉપરાંત અલગ જનજાતીય વિશ્વ વિદ્યાલય પણ શરૂ કરવામાં આવી છે.

જયારે યુજીસીએ ઈટરનેશનલ બુક પબ્લિશર્સની સાથે ગ્રેજુએશનની પાઠયપુસ્તકોને ભારતીય ભાષાઓમાં લાવવાની સંભાવનાઓ પર ચર્ચા કરી.

યુજીસીએ કહ્યું કે આ મહત્વપૂર્ણ બેઠક દરમિયાન આંતરરાષ્ટ્રીય પ્રકાશનોએ આ રાષ્ટ્રીય મિશનમાં ભાગીદાર બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

યુજીસીના અધ્યક્ષે આંતરરાષ્ટ્રીય પુસ્તક પ્રકાશકોની સાથે વાતચીકતમાં પુછ્યું કે શું તે ભારતીય ભાષાઓમાં સ્નાતક અંગ્રેજી પાઠ્યપુસ્તકો લાવી શકે છે.

વિલી ઈન્ડિયા સ્પ્રિગર નેચર ટેલર એન્ડ ફ્રાંસિસ કેબ્રિજ યુનિવર્સિટી પ્રેસ ઈન્ડિયા સેંગેજ ઈન્ડિયા અનો મૈકગ્રા હિલ ઈડિયાના પ્રતિનિધિઓએ વાતચીતમાં ભાગ લીધો

યુજીસીના અધ્યક્ષ એમ જગદીશ કુમારે જણાવ્યું હતું કે પ્રકાશકોથી ચર્ચા દરમિયાન દેશભરમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોમાં અંડરગ્રેજુએટ કાર્યક્રમો માટે તેલુગુ તમિલ કન્નડ મલયાલય મરાઠી ગુજરાતી ઓરિસ્સા બંગાળી અસમિયા પંજાબી હિન્દી અને ઉર્દૂ જેવી ભારતીય ભાષાઓમાં પાઠયપુસ્તકોના અનુવાદ પર ભાર મુકયો છે.

યુજીસીના અધ્યક્ષે આગળ કહ્યું કે યુજીસી પ્રકાશકોને પાઠયપુસ્તકો અનુવાદ ઉપકરણો અને સંપાદન માટે વિશેષજ્ઞોની ઓળખના સંબંધમાં સહાયતા પ્રદાન કરશે.

તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે યુજીસીએ એક રોડ મેપ તૈયાર કરવા અને બીએ બીકોમ અને બીએસસી જેવા ગ્રેજયુએશન કાર્યક્રમોમાં ઉપયોગની જાણકારી ભારતીય ભાષાઓમાં પાઠયપુસ્તકોને લાવવાની દિશામાં કામ કરવા માટે એક વરિષ્ઠ સમિતિની રચના કરી છે.

## યૂક્રેનના રાષ્ટ્રપતિએ વડાપ્રધાન મોદી સાથે વાતચીત કરી સંયૂક્ત રાષ્ટ્રમાં સપોર્ટ કરવા માટે આભાર માન્યો




નવીદિલ્હી,તા.૨૭

યૂક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ઘને લગભગ ૧૦ મહિના થઈ ગયા પણ યુદ્ઘ બંધ થવાનું નામ નથી લઈ રહ્યું. ત્યારે યૂક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમિર ઝેલેક્કીએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. આ દરમિયાન ઝેલેક્કીએ વડાપ્રધાન મોદીએ જી૨૦ની અધ્યક્ષતા પર શુભેચ્છા પાઠવી. તેમને ભારતનો સંયુક્ત રાષ્ટ્રની સામે સપોર્ટ કરવા માટે પણ આભાર માન્યો. તમને જણાવી દઈએ કે યૂક્રેન ઘણા આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર ‘અનૈતિક યુદ્ઘ’ અને શાંતિનો મુદ્દો ઉઠાવી ચૂક્યુ છે.યૂક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેક્કીએ ટ્વીટ કરીને વડાપ્રધાન મોદીને શુભેચ્છા આપી છે અને એ વાતની પુષ્ટી પણ કરી કે વડાપ્રધાન મોદી અને તેમની વચ્ચે વાતચીત થઈ છે. તેમને ટ્વીટમાં લખ્યું કે મારી વડાપ્રધાન મોદી સાથે ફોન પર વાતચીત થઈ છે અને તેમને જી ૨૦ની અધ્યક્ષતાની શુભકામના આપી છે. આ મંચ પર મેં શાંતિ સૂત્રની જાહેરાત કરી હતી અને હવે હું તેના અમલીકરણમાં ભારતની ભાગીદારી પર વિશ્વાસ કરું છું. મેં સંયૂક્ત રાષ્ટ્રમાં માનવીય મદદ અને સમર્થન માટે ભારતનો આભાર માન્યો.

ભારતે ૨૪ ફેબ્રુઆરીથી શરૂ થયેલા રશિયા-યૂક્રેન બાદ યૂક્રેનને જરૂરી દવાઓ અને ઉપકરણોથી માનવીય મદદનો ઘણા માલ મોકલાવ્યો છે. ભારતે વારંવાર રશિયા અને યૂક્રેની પક્ષો સાથે કૂટનીતિક અને સંવાદના રસ્તા પર પરત ફરવાનો આગ્રહ કર્યો છે. નવી દિલ્હીએ પણ બંને દેશોની વચ્ચે સંઘર્ષને પૂર્ણ કરવા માટે તમામ રાજદ્વારી પ્રયાસોને સમર્થન આપ્યું છે. વડાપ્રધાન મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને પણ કહ્યું હતું કે આજનો યુગ યુદ્ઘનો નથી.

જણાવી દઈએ કે જી ૨૦ સમિટ આગામી વર્ષે સપ્ટેમ્બર ૨૦૨૩માં થશે. તેના માટે આ વર્ષે ડિસેમ્બરથી પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. સમિટ પહેલા ઘણી પ્રક્રિયા આ વર્ષે ચાલશે. જેમાં અલગ અલગ દેશના મંત્રી, ઘણા દેશોના સીનિયર અધિકારી અને સિવિલ સોસાયટીની વચ્ચે મીટિંગ્સ થશે. જી ૨૦માં ૧૯ દેશ અને યૂરોપીય સંઘ સામેલ છે. તેના સભ્યો વૈશ્વિક જીડીપીના આશરે ૮૫ ટકા, વૈશ્વિક વેપારના ૭૫ ટકાથી વધુ અને વિશ્વની લગભગ બે તૃતીયાંશ વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. ભારતની જી૨૦ અધ્યક્ષતા હેઠળ ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રુપની પ્રથમ બેઠક ૧૩-૧૬ ડિસેમ્બરે મુંબઈમાં થઈ હતી.

## દેશમાં ઘાતક કોરોનાના કેસમાં સતત વધારો શું ચોથી લહેરના સંકેત? આ અઠવાડિયે ૧૨૧૯ કેસ નોંધાયા



નવીદિલ્હી,તા.૨૭

ફરી એકવાર વધતા કોરોના કેસ વચ્ચે દેશભરમાં ટેસ્ટિંગ પણ વધારવામાં આવ્યું છે. દેશના બધા એરપોર્ટ પર વધારેમાં વધારે સાવચેતી રાખવામાં આવી રહી છે અને સતત ટેસ્ટિંગ પણ કરવામાં આવી રહ્યું છે. બે મહિના પછી ફરી એકવખત, અઠવાડિયાના કોરોના કેસોમાં થોડા પ્રમાણમાં વધારો થયેલો દેખાઈ રહ્યો છે.

જોકે, વૈશ્વિક સ્તર પર જોવા જઈ તો સરખામણીએ ભારતમાં હાલની પરિસ્થિતિ ખૂબ સારી છે. આ પૂરા થયેલા અઠવાડિયામાં દેશના કેસોમાં થોડો વધારો થયો છે. કેસ વધવાનું કારણ એ છે કે દેશમાં ટેસ્ટિંગના પ્રમાણને પણ વધારવામાં આવ્યું છે. ગયા અઠવાડિયે ૧૧૦૩ કેસ હતા, તેની સામે આ અઠવાડિયે ૧૨૧૯ કેસ નોંધાયા હતા. એટલે કે ગયા અઠવાડિયાની સાપેક્ષ ૧૧ ટકાનો વધારો થયો છે.મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, દિલ્હી અને હિમાચલ પ્રદેશ તેમજ તેલંગાણા અને પશ્ચિમ બંગાળમાં સંક્રમણમાં થોડો વધારો જોવા મળ્યો છે. જોકે હજી સુધી એ વાતની જાણ નથી થઈ કે આ નવી કોરોનાની લહેરના સંકેત છે કે પછી ટેસ્ટિંગના પ્રમાણને વધારવાથી આંકડામાં વધારો દેખાઈ રહ્યો છે.ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭ નવા કેસ સામે આવ્યા છે. જેમાં ગાંધીનગરમાંથી ૩, અમદાવાદમાંથી ૨ જયારે ભાવનગર-વલસાડમાંથી ૧-૧ કેસનો સમાવેશ થાય છે. ગુજરાતમાં હાલ ૪૦ એક્ટિવ કેસ છે અને એકપણ દર્દી વેન્ટિલેટર પર નથી. અમદાવાદમાંથી સૌથી વધુ ૧૫, વડોદરામાંથી ૫, ભાવનગર-ગાંધીનગરમાંથી ૪, વલસાડમાંથી ૩, પંચમહાલ-રાજકોટમાંથી ૨ જ્યારે તાપી-જુનાગઢ-જામનગર-દાહોદ-બનાસકાંઠામાંથી ૧-૧ દર્દી કોરોનાની સારવાર હેઠળ છે.

## રાહુલ ગાંધીને દિલ્હી પહોંચવામાં ૧૦૮ દિવસ લાગ્યા પરંતુ અસલી લડાઇ ૨૦૨૩માં થશે




નવીદિલ્હી,તા.૨૭

રાહુલ ગાંધીને દિલ્હી પહોચવામાં ૧૦૮ દિવસ લાગ્યા પરંતુ અસલી લડાઈ ૨૦૨૩માં શરૂ થશે જયારે આગામી વર્ષની શરૂઆતમાં કર્ણાટક વિધાનસભા ચુંટણી થશે. સામાન્ય ચુંટણીની ઉલટી ગણતરી પણ શરૂ થૉઇ ચુકી છે અને લગભગ ૪૫૫ દિવસ બાકી રહ્યાં છે.મે ૨૦૨૪માં એ નક્કી થઈ જશે કે દેશમાં કોનું શાસન હશે યુપીએ ૨૦૧૪થી સત્તાની બહાર છે અને મોદી લહેર સતત બે ચુંટણીઓમાં કોંગ્રેસને પરાજયનો સામનો કરવો પડયો છે.

કોંગ્રેસના મધ્યપ્રદેશ,છત્તીસગઢ અને રાજસ્થાનમાં મહત્વપૂર્ણ ચુંટણીનો સામનો કરવાનો છે.

કોંગ્રેસ નેતાએ જયરામ રમેશે કહ્યું હતું કે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાનો આજે ૧૦૮મો દિવસ છે અને અત્યાર સુધી ૪૬ જીલ્લાને કવર કરી ચુકી છે.૩ જાન્યુઆરીએ યાત્રા ફરીથી ઉત્તરપ્રદેશથી શરૂ થઈ હરિયાણા પંજાબ અને ફરી જમ્મુ કાશ્મીર સુધી જશે.રાહુલ ગાંધી ૨૬ જાન્યુઆરીએ શ્રીનગરમાં તિરંગો લહેરાવશે અત્યાર સુધી ૩૨૦૦ કિલોમીટરથી વધુનું અંતર નક્કી કરી ચુકી છે.

કોંગ્રેસ નેતા પવન ખેડાએ તમામ શ્રેય રાહુલ ગાંધીને આપતા કહ્યુ કે આ ૧૦૮ દિવસોમાં રાહુલજીના શારીરિક સંઘર્ષને તો બધાએ જોયો છે આ સાથે જ લોકોએ યાત્રાને બદનામ કરવાનો પ્રયાસ પણ જોયો છે.કોંગ્રેસ નેતાએ ભાજપ પર કોવિડનો ભય પેદા કરવા માટે પણ નિશાન સાધ્યું અને કહ્યું કે આરોગ્ય એક ગંભીર મુદ્દો છે તેને પોતાની રાજનીતિ માટે ઉપયોગ ન કરે ભારત જોડો યાત્રા દરમિયાન ત્રણ ચુંટણી કરાવવામાં આવી કોંગ્રેસ હિમાચલને ભાજપથી છીનવવામાં સફળ રહી પરંતુ ગુજરાત અને દિલ્હી નગર નિગમ ચુંટણીઓમાં તેને હારનો સામનો કરવો પડયો.

## તંત્રી સ્થાનેથી...

# હિંદુ-મુસ્લિમ ભેદ વિનાના સેક્યુલર શાસનને પક્ષે રાહુલ-વરુણ

*હમણાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં ×ભારત જોડો પદયાત્રા× દિલ્હી સુધી પહોંચી અને એમણે લાલકિલ્લા પરથી કરેલા ભાષણમાં દેશમાં ચલાવતા હિંદુ-મુસ્લિમના રાજકારણને પડકારવાનું પસંદ કર્યું. લાખો લોકો કન્યાકુમારીથી કાશ્મીર સુધીની આ પદયાત્રામાં જોડાયા એ ચમત્કાર દુનિયામાં અનોખો ઘટનાક્રમ લેખી શકાય. સંયોગ પણ જુઓ કે રાહુલ તો કોંગ્રેસના નેતા છે પરંતુ એમના પિતરાઈ અને ભાજપના સાંસદ ફિરોઝવરુણ ગાંધી (એ પોતાના સોગંદનામા અને લોકસભામાં પણ આ રીતે જ નામ લખે છે) પણ દેશમાં ચાલી રહેલા હિંદુ -મુસ્લિમના રાજકારણને ખુલ્લેઆમ પડકારવા માંડયા છે. રાહુલ અને પ્રિયંકાનાં માતુશ્રી અને લાંબો સમય કોંગ્રેસનાં અધ્યક્ષ રહેલાં તથા એકાદ દાયકા સુધી કોંગ્રેસને કેન્દ્રમાં સત્તામાં લાવનારાં સોનિયા ગાંધી ઘણા લાંબા સમયથી બીમાર છે. એમનાં દેરાણી અને ફિરોઝવરુણ ગાંધીનાં માતુશ્રી મેનકા ગાંધી પણ હવે રાજકારણમાંથી નિવૃત્ત થવામાં છે. આમ તો સોનિયા, મેનકા, રાહુલ અને ફિરોઝવરુણ એ ચારેય લોકસભાનાં સભ્ય છે. હવે રાષ્ટ્રીય રાજકારણમાં સંતાનો સાથે મળીને કોંગ્રેસને ફરી સત્તામાં લાવે એવી અપેક્ષા સાથે દેરાણી-જેઠાણી ફરી એક થવાના સંકેતો મળી રહ્યા છે. મેનકા અને ફિરોઝવરુણ ભાજપમાં હોવા છતાં એ તેની હિંદુ-મુસ્લિમ રાજકારણથી ત્રસ્ત જણાય છે. ફિરોઝવરુણ તો ખુલ્લેઆમ મોદી સરકારની નીતિઓ અને યોજનાઓની ટીકા પણ કરે છે. ઈતિહાસબોધની વાતો કરતા ભાજપના નેતાઓ ઈતિહાસનું વિકૃતીકરણ કરીને લોકોને ભ્રમિત કરી રહ્યા હોવાના મુદ્દે બંને પિતરાઈ હવે છત્રપતિ શિવાજી મહારાજ અને મહારાણા પ્રતાપના ઈતિહાસને વાસ્તવિક સ્વરૂપમાં આગળ ધરીને આ દેશના મૂળમાં ×ગંગા-જમુની તહેજીબ× (હિંદુ-મુસ્લિમ સમન્વય સંસ્કૃતિ)નો પરિચય પ્રજાને કરાવવા કૃતસંકલ્પ છે.'' 'ગર શિવાજી ના હોતે તો સુન્નત સબ કી હોતી× કહેનારાઓ માટે શિવાજી મહારાજના વાસ્તવિક જીવન અને કવનનો પરિચય જરૂરી બની જાય છે.*

*દાદા અને પિતા મુસ્લિમ સુલતાનોની ચાકરી(મરાઠી ભાષામાં આ જ શબ્દ વપરાય છે)માં રહ્યા હોય છતાં પોતે સ્વાભિમાની અને સ્વદેશી એવા હિંદવી સ્વરાજની સ્થાપના કરનારા કો'ક જ વીરલા મળે. છત્રપતિ શિવાજી મહારાજ આજે દુનિયાભરના ભારતીયોના દિલમાં વસે છે એનું કારણ એમણે આપબળે, કોઈ ધાર્મિક કે નાતજાતના ભેદ વિના સ્થાપેલા રાજ્ય અને મુઘલ સામ્રાજ્ય સાથે લીધેલી ટક્કર છે. 'શિવાજી ના હોતે તો સબ કી સુન્નત હોતી' જેવાં કથનો થકી એમને હિંદુવાદી સીમાડામાં અંકિત કરવાની કોશિશ કરાય છે, પણ શિવાજી મહારાજ માટે તો પોતાનું પ્રજાનું કલ્યાણ કેન્દ્રસ્થાને હતું, એ કયા ધર્મ કે જ્ઞાતિની છે એ નહીં. એમણે અનેક મહત્ત્વના હોદ્દે અને પોતાના અત્યંત વિશ્વાસુ સરદારોમાં મુસ્લિમોની નિમણૂક કરી હતી. દાદા માલોજી ભોસલે અને પિતા શહાજી ભોસલે નિઝામશાહી અને આદિલશાહીની સેવામાં રહ્યા. એટલું જ નહીં, સ્વયં મહારાજ પણ શાહ ઔરંગઝેબના સરદાર તરીકે સેવારત રહ્યા એટલે તો એમને બાદશાહ તરફથી 'રાજા'નો ઈલકાબ મળ્યો હતો. જોકે, સ્વાભિમાની શિવાજીને જ્યારે જ્યારે વિધર્મી શાસકો તરફથી અપમાન થયાનો અનુભવ થયો ત્યારે એમની વિરુદ્ધ જંગ ખેલી લેવાની તૈયારી રાખી છે.*

# 'ભારત જોડો યાત્રા'માં નહીં જોડાય માયાવતી-અખિલેશ, રાહુલ ગાંધીના આમંત્રણને નકાર્યું

લખનૌ,તા.૨૭

કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા'માં સમાજવાદી પાર્ટી ચીફ અખિલેશ યાદવ અને બસપા સુપ્રીમો માયાવતી સામેલ થશે નહીં.

આ બંને નેતાઓને રાહુલ ગાંધીની યાત્રામાં સામેલ થવા માટે આમંત્રણ મોકલ્યું હતું. ઉલ્લેખનીય છે કે 'ભારત જોડો યાત્રા' ૩ જાન્યુઆરીએ યૂપીમાં પ્રવેશ કરશે. કોંગ્રેસ પ્રવક્તા કૃષ્ણકાંત પાંડેયે કહ્યું કે યૂપીના તમામ વિપક્ષી દળના નેતાઓને આ યાત્રામાં સામેલ થવા માટે કોંગ્રેસ કમિટીની તરફથી આમંત્રણ મળ્યું હતું. કૃષ્ણકાંત પાંડેયે કહ્યું કે અખિલેશ યાદવ અને માયાવતીના સિવાય જે નેતાઓને યાત્રામાં સામેલ થવા આમંત્રણ મળ્યું છે તેમાં પૂર્વ મંત્રી શિવપાલ યાદવ, રાલોદ અધ્યક્ષ જયંત ચૌધરી, સુભાસપા અધ્યક્ષ ઓમપ્રકાશ રાજભર, ભાકપાના રાષ્ટ્રિય સચિવ અતુલ અંજાન અને બસપાના સતીષ ચંદ્ર મિશ્ર સહિત તમામ વિપક્ષી નેતાઓ સામેલ છે.

મળતી માહિતી અનુસાર સમાજવાદી પાર્ટીની સાથે પોતાના સંબંધો સુધારવાની તૈયારી કોંગ્રેસ કરી રહી છે કેમકે સમાજવાદી પાર્ટી જ યૂપીમાં બીજેપીને ટક્કર આપી રહી છે.

જુહુ બીચ  
એ મને હળવા સાદે,  
બોલાવે છે.  
એની ઝાંઝરનો,  
ઘેઘૂર નિનાદ,  
કર્ણપટલ પર ગુંજતો રહે છે.  
એના હસ્ત,  
માનો કે,  
ધવલ હીમ શિખર!!  
સોળ વરસની સુંદરીનો સળવળાટ !!  
મિલનની અદ્ભૂત ઉત્કટતા.  
એને મળવાથી,  
તમામ આધિ,  
સકળ વ્યાધિ,  
બધી ઉપાધિ શમી ગઇ!!  
બંદાને,  
પ્રેમ સમાધિ,  
ભાવ સમાધિ.  
મોળ સમાધિ લાગી ગઇ!!!  
જુહુ બીચ પર,  
સવારની પળોમાં,  
સંપન્ન કરેલ સમય,  
મોંઘી મિરાત બની ગયો!!  
ભરત વૈષ્ણવ  
૨૭.૧૨.૨૦૨૧.

# લગ્નના ફોટો આલ્બમ માટે ફરીવાર લગ્ન ??

કયાંકથી મારા લગ્નનો શ્વેતશ્યામ ( ન સમજ્યા ? બ્લેક એન્ડ વ્હાઈટ આલ્બમ અલમારી કે માળિયામાંથી ખોળી કાઢીને રાજુ રદી હરખભેર મારા ઘરે ત્રાટક્યો.

"ગિરધરભાઇ. આ તમારી બરબાદીની ગાથા છે!" રાજુએ મને પૂછ્યું

"રાજુ. દુખતી નસ પર બાવળના બડૂકા જેવો હાથ ન મુક" મેં આજીજી કરી.

" તમે કોઇ એંગલથી એન્જલ જેવા લાગતા નથી. તમે ઓળખાતા જ નથી.,ભૂપત બહારવટિયા જેવા અદલોઅદલ લાગો છો. ભાભી તો જુઓ માલા સિંહા જેવા બ્યુટી કવીન લાગે છે. આ તો કાગડો માલપૂડા લઈ ગયો." રાજુને મોકો મળે એટલે મોકે કા ચોક્કા લગાવે જ.

"રાજુ. અમારા લગ્ન થયા ત્યારે બ્યુટી પાર્લર, પ્રિ વેડીંગ શૂટ અને વિડિયો શુટિંગ, ફોટોગ્રાફીનો ક્રેઝ ન હતો. તાલુકામાં એક ફોટોગ્રાફર હોય. મોટા ડબલા જેવા કેમેરા પર કાળું કપડું ઓઢીને ફોટો પાડે. ફોટાનું રિઝલ્ટ દૂરદર્શન લાઈવ ટેલિકાસ્ટ થતી ક્રિકેટ મેચ જેવું હોય!!"મેં બળાપો કાઢ્યો.

"ગિરધરભાઇ.કસમ ખાઇને કહેજો કે લગ્નનું આલ્બમ કેટલી વાર જોયું છે? કેવી ફિલિંગ થઇ છે??"રાજુએ જળમાં કંકર ફેંકી વમળો ઉભા કર્યા.

" રાજુ. લગ્ન એ લાકડાના લાડું છે. ન ખાઈને પસ્તાવું એના કરતાં ખાઈને પસ્તાવું સારૂં. લગ્નના આલ્બમનું પણ આવું છે. લગ્નનું આલ્બમ સરસ મજાના મખમલી કવરમાં ડ્રોઈંગરૂમની શોભા ગણાતું હોય.ગમે તે મહેમાનને રનિંગ કોમેન્ટરી સાથે આલ્બમ બતાવાય. પેલો ભેખડે ભરાયેલ હોય. પાર્ટીને આલ્બમ દેખાડ્યા વિના ગજેન્દ્ર મોક્ષ થવાની શક્યતા ન હોય. સારા ઘરનો સંસ્કારી શીલભદ્ર સારસ્વત સંકોચ કે ક્ષોભના કારણે ના પાડી શકે નહીં એટલે ના છૂટકે અઢી કલાક આલ્બમ જોવું જ પડે. અલબત, દરમિયાનમાં કોકમનું શરબત, કારેલાની છાલના ભજિયા કે મુઠિયા , કડું કરિયાતુંના ઉકાળાથી આવભગત પણ થાય.! પછી દુખનું ઓસડ દાડા તે ન્યાયે આલ્બમ તેનો ચાર્મ અને મહત્વ ધીરેધીરે ક્રમશઃ ગુમાવતું જાય. અર્થશાસ્ત્રમાં ઘટતા સિમાંત તુષ્ટિગુણનો સિધ્ધાંત આવે છે તદનુસાર આલ્બમ છેવટે માળિયાધીન થાય છે" મેં લાંબુલચ વક્તવ્ય આપ્યું.

" ગિરધરભાઇ. નવરાશ હોય ત્યારે લગ્નનું આલ્બમ જોવાનો ઉજમ ચડે ખરો ?" રાજુએ સવાલનો ચૂંટલો ખણ્યો!!

" રાજુ.હવે આલ્બમ પિરાણાના ટેકરા પર ફેંકી આવવાની ઈચ્છા થાય છે."!મેં મારી મન્શા વ્યક્ત કરી.

ગિરધરભાઇ મલેરિયામાં એક મહિલા દુખી થઇ ગઇ. એણે હોંશથી લગ્ન કરેલા( ઘણા કસાઈવાડે જતા હોય તેમ લગ્નના માંડવે આવે છે.અલબત, હોંશથી લગ્ન કરનાર લગ્ન પછી કાયમી કસાઈવાડે હોય તેમ જીવે છે.) લગ્નનું સરસ મજાનું ફોટો આલ્બમ બનાવેલું. હૈયાના હાર જેવી માવજત કરેલ. ખાટલેથી પાટલે અને પાટલેથી ખાટલે. એક દિવસ પૂર આવ્યું. ઘરવખરી સાથે આલ્બમ પણ પાણીથી લથબથ થયું. આલ્બમ ખરાબ થઇ ગયું. હવે પહેલાં બેન આલ્બમ માટે ફરી વાર પરણવા ઈચ્છે છે. વાધરી-લેસ માટે ભેંસ મારવા જેવો ધાટ થયો!! એ બીજા કોઇ પુરૂષ સાથે નહીં પણ ખુદના ગોરધન સાથે. મિંયાબીબી રાજી તો કયા કરેંગા કાજી!! બટ વેઈટ એ મિનિટ. મિંયા આલ્બમ માટે લગ્ન કરવા તૈયાર નથી. બેન નિરાશામાં ગરકાવ છે. પતિએ કયા કારણસર ના પાડી હશે તે કારણ બતાવો !!" રાજુએ કારણબતાવો નોટિસ/ સમન્સ/ વોરંટ જારી કર્યું.

"રાજુ. જયારે પહેલીવાર પરણે ત્યારે બંને અજાણ્યા હોય. માનો કે ખેલી ઓપન કાર્ડને બદલે બ્લાઈન્ડમાં રમે છે.જેમાં પડશે એવા દેવાશે કે પડ્યું પાનું નિભાવવાની ભાવના હોય. પરંતું કેટલા વરસ સાથે જીવ્યા પછી, જોખમ સાથે રહ્યા પછી એકમેકને જાણતા હોય, તમારી પાસે ત્રણ દુડી હોય પછી કોઇ વ્યક્તિ બ્લાઈન્ડમાં કેવી રીતે રમવા તૈયાર થાય?? પછી પતા ફેંકી બાજી ફિટાઉસ જ કરે ને?? તેમાં તેણે ખોટું શું કર્યું??"મેં સોઇ ઝાટકીને કહ્યું.

" ગિરધરભાઇ તમે આ સિચ્યુએશનમાં શું કરો?" રાજુએ પૂછ્યું.

હેં હેં હેં કરીને સાંભળ્યું ન સાંભળ્યું કરી નૌ દો ગ્યારહ કર્યું!!!!

ભરત વૈષ્ણવ

૨૭.૧૨.૨૦૨૧.#

હાસ્ય

# પ્રેમ એક ઈલાજ

જીવનનાં અનેકવિધ રંગોથી માનવ રંગાય છે, ભીંજાય છે અને એની ઊંડી છાપ એના મન, હ્રદય ને આત્મા ઉપર પડે છે. આ રંગોમાં અનુપમ અને શાશ્વત એ પ્રેમનો રંગ છે. ફક્ત મનુષ્ય જ નહીં, પરંતુ પશુ-પંખી, દેવ-દાનવ કે યક્ષ-ગંધર્વ કોઈપણ પ્રેમના એ અદ્ભુત અને અલૌકિક સંમોહનથી અલિપ્ત રહી શક્યાં નથી.

એક મનુષ્ય બીજા મનુષ્ય સાથે જીવનનાં જુદા જુદા તબક્કે અવનવા સંબંધથી જોડાતો રહે છે; પછી ચાહે એ નાતો માતાપિતા-સંતાનનો હોય, ભાઈ-બહેનનો હોય, ગુરૂ-શિષ્યનો હોય, મિત્રાતાનો હોય, પ્રેમી-પ્રેમિકાનો હોય કે પતિ-પત્નીનો. વિસ્મય તો એ છે કે લાગણીઓની અભિવ્યક્તિથી સર્જાતા આ દરેક ઉદાત્ત સંબંધના મૂળમાં પ્રાણરૂપ તત્ત્વ એ પ્રેમ જ છે. એ જ એની ઊર્જા છે, એ જ એનું બળતણ છે અને એ જ એ સંબંધનું વાહક તત્ત્વ છે. શેરમાં કહું તો,

★'અહો! કેવી તરલતા એ અનાદિ તત્ત્વમાં દેખી.★

★દરેક સંબંધમાં જો, પ્રેમ કૈં આકાર બદલે છે! '★

માનવજીવનમાં કોઈપણ સંબંધ હોય, જો મૂળમાં પ્રેમરૂપી અમૃતનું જેટલું સિંચન વધુ, એટલું જ એ સંબંધનું સૌંદર્ય વધુ ખીલી ઊઠે છે. અરે! એટલે સુધી કે મૃતપ્રાય થયેલા સંબંધમાં જો ધીરજપૂર્વક નિઃસ્વાર્થ પ્રેમનું ઓસડ દેવામાં આવે તો એ પુનર્જીવિત થઈ ફરી મહેંકી ઊઠે છે.




જીવનની બાજી હારેલો માણસ હોય કે ધંધામાં પાયમાલ થયેલી વ્યક્તિ હોય કે પ્રિય પાત્રને મેળવવામાં નિષ્ફળ ગયેલો માણસ, જયારે આત્મવિલોપન કરવાનું નક્કી કરે છે ત્યારે જો એનાં જીવનમાં પ્રેમરસનું પાન કરાવનાર કોઈ પાત્રનું આગમન થઈ જાય છે તો એ પ્રેમ એક ઈલાજ બની જાય છે અને નવું જીવન બક્ષે છે. પશુ-પંખી પણ જો ઘાયલ કે બીમાર હોય ત્યારે એમની પ્રેમ-લાગણીથી સુશ્રુષા કરવામાં આવે તો એ સાજાં થઈ જાય છે અને વળતાં ઉપકાર સ્વરૂપે એ પણ પ્રેમ જતાવે જ છે.

વનસ્પતિ પણ હ્રદયની આ ઉત્તમ અનુભૂતિને સમજે અને ઝંખે છે. મહાન વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝે પણ વનસ્પતિની આ અનુભૂતિને પ્રયોગો દ્વારા સાબિત પણ કરી છે, એટલે જ શાયદ, પોતે ઉછેરેલા છોડ કે વૃક્ષને છોડવાની કે કાપવાની વાત આવે ત્યારે મનુષ્યનું હ્રદય બળવો કરી દે છે, દુ:ખ અનુભવે છે. કારણ ફક્ત એની સાથે બંધાયેલા પ્રેમનું જ ને? કવિકુલગુરુ કાલિદાસે પોતાના વિશ્વવિખ્યાત નાટક 'અભિજ્ઞાનશાકુન્તલમ્' માં પ્રેમની આ પરાકાષ્ઠા શકુંતલાનાં વિદાય પ્રસંગે પ્રકૃતિના વિધવિધ પાત્રો દ્વારા વર્ણવી છે.

જો કે આધુનિકતાની ભાગદોડમાં, વર્તમાન માનવજીવન પ્રેમ વિના શુષ્ક, નીરસ અને યંત્રવત્ બની ગયું છે. દરેક મનુષ્યનું હ્રદય કોઈક ને કોઈક વ્યક્તિનું સાંનિધ્ય ઝંખે છે.

એમ કહો કે એ સાંનિધ્યના રૂપમાં કોઈકની હ્રદયની લાગણીઓનાં પ્રવાહમાં તરબતર થવા ચાહે છે કેમ કે તમામ પ્રકારની વ્યસ્તતાથી લાગેલો થાક હોય કે અટપટી સમસ્યાઓથી ઉદ્ભવેલી ચિંતાઓનો બોજ હોય કે પછી સતત નિષ્ફળતાઓથી પ્રગટેલી નિરાશાઓનું વમળ હોય, એ સઘળું કોઈ વ્હાલા પાત્રાના અંતરેથી ઉમડતી પ્રેમની દિવ્ય ધારાનો સ્પર્શ થતાં જ ક્ષણભરમાં અદશ્ય થઈ જાય છે . એક આશ્વસ્ત હાશ અને શાંતિનો અનેરો અહેસાસ થાય છે. એ દિવ્ય ધારા કોઈ કિસ્સામાં શબ્દોથી વ્યકત થતી હોય છે, તો કોઈકવાર ચુંબનથી, કોઈકવાર આશ્લેષથી, કોઈકવાર નજરથી. બેશકપણે એ છે તો પ્રેમ જ! એક ઈલાજ, જે તૂટેલા પગથી માંડીને છેક તૂટેલાં હ્રદય સુધી, સઘળું એના નાજુક સ્પર્શથી ઠીક કરી દે છે.

પ્રેમ એક ઈલાજ તરીકે ત્યારે જ કામ કરે છે જયારે એ નિખાલસ, નિઃસ્વાર્થ ને ખરાં હ્રદયથી ઉદ્ભવ્યો હોય. નહિંતર નરવી ઔપચારિકતાથી સુશોભિત પ્રેમ એ એની પૂર્ણ શક્તિ સાથે ખીલી નથી શકતો, કેમ કે ઈશ્વરની સૌથી શ્રેષ્ઠતમ દિવ્યતાની અભિવ્યક્તિ પ્રેમની શક્તિ દ્વારા જ વ્યવહારમાં અનુભવી શકાય છે.

-હાર્દિક રાવલ 'હાર્દ'  
(મન્દ્રોપુર) મહેસાણા

# ગૌ શાળા-પાંજરાપોળને ઘોષિત થયેલી ગૌમાતા પોષણ યોજના અંગેની સબસિડી તાત્કાલિક ચૂકવવા અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલને ગાંધીનગર ખાતે રૂબરૂ રજૂઆત કરતાં મિતલ ખેતાણી

ગૌ શાળા-પાંજરાપોળને ઘોષિત થયેલી ગૌમાતા પોષણ યોજના અંગેની સબસિડી ચૂકવવા તેમજ આ અંગેના નિયમો હળવા કરવા અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલને પશુપાલન મંત્રાલયના માનદ સલાહકાર મિતલ ખેતાણી દ્વારા ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત કરીને વિનંતી કરવામાં આવી હતી.



રસ્તે રઝડતાં પશુધનને તેમજ ગૌ શાળા – પાંજરાપોળોમાં આશ્રય લઈ રહેલા પશુઓને બચાવવા રજૂઆત કરતા જણાવ્યું હતુ કે, ગુજરાતની પાંજરાપોળ-ગૌશાળામાં મુખ્યમંત્રીશ્રી તરીકે અતી સંવેદનશીલ નિર્ણલ લઈ 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના'' માટે બજેટમાં ૫૦૦ કરોડ રૂપીયા ફાળવવામાં આવ્યા હતા ત્યારબાદ કેબીનેટમાં મંજુર કરી એક પશુદિઠ ૩૦ રૂપીયા ૧ એપ્રિલ-૨૦૨૨ થી આપવાનું નકકી કરી જાહેરાત કરવામાં આવેલ ત્યારબાદ આજ દિવસ સુધી અમલવારી કરવામાં આવી નથી.

સમગ્ર ગુજરાતની પાંજરાપોળ-ગૌશાળાઓમાં નિભાવ થતા લાખો પશુ નિભાવતી પાંજરાપોળ-ગૌશાળાઓ માટે અતિ કપરો સમય આવ્યો છે. સરકારશ્રી દ્વારા ગૌમાતા માટે મુખ્યમંત્રીના નામ સાથેન''ી યોજના ''મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના''ની જાહેરાત કરવમાં આવી છે છતાં હજુ સુધી તેની અમલવારી કરવામાં આવી નથી. જે અતિ દુ:ખ દાયક છે.

ત્યારે રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલને મિતલ ખેતાણી દ્વારા વિનંતી કરાઈ છે કે ઉપરોકત યોજના તાત્કાલીક શરૂ કરાય તેમજ તે અંગેના નિયમો વ્યાજબી અને હળવા કરવામાં આવે જેથી તમામ ગૌ શાળા – પાંજરાપોળો આ યોજનાનો લાભ લઈ શકે અને સરકારશ્રીનું ધ્યેય પણ સિધ્ધ થાય તેમજ આ યોજનાનો અમલ તા. ૧ એપ્રિલ ૨૦૨૨થી કરવામાં આવે અને પાછલાં મહિનાઓનો લાભ પણ ગૌશાળા પાંજરાપોળોને આપવામાં આવે. પ્રવર્તમાન મોંઘવારી, વધતો જતો પશુઓનો પ્રવાહ, ઘટતા જતાં દાનનો પ્રવાહ સહિતના પરિબળોને લઈને ગૌશાળા-પાંજરાપોળનો નિભાવ ખૂબ અઘરો બન્યો છે. ગાંધીનગરના સચિવાલય ખાતે મુખ્યમંત્રીશ્રીને રજૂઆતમાં મિતલ ખેતાણી સાથેના પ્રતિનિધિ મંડળમાં એનિમલ હેલ્પલાઈનના ધીરુભાઈ કાનાબાર, જૈન શ્રેષ્ઠી હેમેન્દ્રભાઈ દફતરી , યુવા અગ્રણી મહાવીર શાહ સહિતનાઓ જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રી એ રજૂઆતો સાંભળીને સંબંધિત કાર્યવાહીઓ કરવા તુરંત જ ટેલિફોનિક સૂચના અધિકારીઓને આપી હતી.

# રેલવેટ્રેક પર સેલ્ફી લેવા જતાં યુવક જીવતો સળગ્યો

લખનૌ,તા.૨૭

ઉત્તરપ્રદેશના કૌશાંબીમાં સેલ્ફી લેવાની ઘેલછા યુવકને ભારે પડી ગઈ હતી. સેલ્ફી લેવા માટે ઓવરહેડ ઈલેક્ટ્રિફિકેશન પોલને સ્પર્શ કરતાંની સાથે જ યુવક હાઈ વોલ્ટેજ વીજ કરંટની ઝપેટમાં આવી ગયો હતો અને તે જીવતો જ સળગવા લાગ્યો હતો. ધડાકા સાથે વીજતારમાં સ્પાર્કિંગ થતાં આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનાનો વીડિયો સામે આવ્યો છે.

કૌશાંબીમાં પુરમુફ્તિ પોલીસ સ્ટેશન વિસ્તારના મંદાર ગામનો રહેવાસી શાહરુખ સોમવારે તેના મિત્રો સાથે ક્રિકેટ રમવા ગયો હતો. ક્રિકેટ રમીને ઘરે પરત ફરતી વખતે બપોરે લગભગ ૩.૩૦ વાગ્યે પ્રયાગરાજ-કાનપુર રેલવેલાઈન પર બની રહેલા ગુડ્સ ટ્રેનના ટ્રેક પર શાહરુખ સેલ્ફી લેવા ગયો હતો.શાહરુખ રેલવેલાઈનના ઓવરહેડ ઈલેક્ટ્રિફિકેશન વીજપોલ પાસે પહોંચ્યો અને સેલ્ફી લેવા માટે થાંભલાને અડતાંની સાથે જ તેને હાઈ વોલ્ટેજ કરંટ લાગ્યો અને તે જીવતો જ સળગવા લાગ્યો. તેને જીવતો સળગતો જોઈ તેના મિત્રોએ રેલવે સ્ટાફને જાણ કરી હતી. એ બાદ પાવર કટ કરવામાં આવ્યો હતો. ત્યાર પછી શાહરુખ વીજપોલથી છૂટો પડ્યો હતો અને તડપી રહ્યો હતો.

પોલીસને જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચીને દાઝી ગયેલા યુવકને ગંભીર હાલતમાં પ્રયાગરાજની એસઆરએન હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો.શાહરુખના પિતા મુન્નારે જણાવ્યું હતું કે પુત્રને ક્રિકેટ રમવાનો શોખ છે. સવારે તે તેના મિત્રો સાથે મેચ રમવા ગામની બહાર રેલવેલાઈનને પાર કરીને બીજી તરફ ગયો હતો.

# ચાકુઓ ધારદાર રાખો,ખબર નહીં શું સ્થિતિ પેદા થઈ જાય : ભાજપ સાંસદ

ભોપાલ,તા.૨૭

ભાજપના નેતા અને સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુરે હિન્દુ કાર્યકર્તાઓની હત્યાની ઘટનાઓને ધ્યાનમાં રાખી કહ્યું છે કે હિન્દુઓને તેમના પર અને તેમની ગરિમા પર હુમલો કરનારાઓને જવાબ આપવાનો અધિકાર છે મધ્યપ્રદેશની રાજધાની ભોપાલથી સાંસદ ઠાકુરે એક વિવાદાસ્પદ નિવેદન આપતા સમુદાયના સભ્યોને પોતાના ઘરોમાં ચાકુઓને ધારદાર રાખવા કહ્યું કારણ કે તમામને પોતાની રત્રા કરવાનો અધિકાર છે.

પ્રજ્ઞા ઠાકુરે કહ્યું કે લવ જેહાદ તેમની જેહાદની પરંપરા છે જો કંઇ નથી તો તે લવ જેહાદ કરે છે જો તે પ્રેમ પણ કરે છે તો તેમાં પણ જેહાદ કરે છે આપણે હિન્દુ પણ પ્રેમ કરીએ છીએ આપણે ભગવાથી પ્રેમ કરીએ છીએ સંન્યાસી પોતાના પ્રભુથી પ્રેમ કરે છે. તેમણે અહીં હિન્દુ જાગરણ વેદિકાના દક્ષિણ ક્ષેત્રના વાર્ષિક સમારોહમાં કહ્યું કે સંન્યાસી કહે છે કે ઈશ્વર દ્વારા બનાવવામાં આવેલ આ દુનિયામાં તમામ અત્યાચારિઓ અને પાપીઓનો અંત કરો,અન્યથા પ્રેમની સાચી પરિભાષા અહીં ચાલશે નહીં તો લવ જેહાદમાં સામેલ લોકોને તેવી જ રીતે જવાબ આપો પોતાની પુત્રીઓની રક્ષા કરો તેને યોગ્ય મૂલ્ય શિખડાવો

તેમણે શિવમોગાના હર્ષ સહિત કાર્યકર્તાઓની હત્યાની ઘટનાઓ તરફ ઈશારો કરતા લોકોને કહ્યું કે તે આત્મરક્ષા માટે પોતાના ઘરોમાં ધારદાર ચાકુ રાખે ઠાકુરે કહ્યું કે પોતાના ઘરોમાં હથિયાર રાખો જો અન્ય કંઇ નહીં તો ઓછામાં ઓછું તે ચાકુઓની જ ધાર તેજ રાખો જેનો ઉપયોગ શાકભાજી કાપવા માટે કરવામાં આવે છે.હું નથી જાણતી કે કેવી સ્થિતિ કયારેય પેદા થાય દરેક કોઇને આત્મરક્ષાનો અધિકાર છે જો કોઇ આપણા ઘરમાં ધુસી આપણા પર હુમલો કરે છે તો યોગ્ય જવાબ આપવો આપણો અધિકાર છે.તેમણે માતા પિતાને પોતાના બાળકોને મિશનરી સંસ્થાનોમાં ભણવા ન મોકલવાની સલાહ આપી અને કહ્યું કે આમ કરી તમે પોતાના માટે વૃધ્ધાશ્રમોના દરવાજા જ ખોલશો.

# કિસાનો ૨૬ જાન્યુઆરીએ દેશભરમાં અલગ અલગ જગ્યાઓ પર પ્રદર્શન કરશે : કિસાન નેતા ટિકૈત

જીંદ,તા.૨૬

સંયુકત કિસાન મોરચો ૨૬ જાન્યુઆરીએ હરિયાણાના જીંદમાં એક કિસાન મહાપંચાયતનું આયોજન કરશે સંયુકત મોરચાના નેતાઓએ કરનાલમાં થયેલ એક બેઠક દરમિયાન આ નિર્ણય લીધો છે.

બેઠકમાં રાકેશ ટિકૈત,દર્શનપાલ અને જોગિંદર સિંહ ઉગરાહાં સહિત અનેક કિસાન નેતા સામેલ થયા.આ દરમિયાન કિસાન નેતાઓએ એ પણ નિર્ણય કર્યો છે કે કિસાનો ૨૬ જાન્યુઆરીએ દેશભરમાં અલગ અલગ જગ્યાઓ પર પ્રદર્શન કરશે કિસાન નેતા રાકેશ ટિકૈતે કહ્યું કે અમારા ઉપર કોરોનાની ગાઈડલાઈસ લાગુ થતી નથી પહેલા પણ આંદોલન થયું અને આગળ પણ થશે.

તેમણે કહ્યું કે ૨૬ જાન્યુઆરીએ હરિયાણાના જીંદમાં કિસાનોએ મોટી રેલી કરવાનો નિર્ણય કર્યો છે.આ રેલીમાં હરિયાણા પંજાબ ઉત્તરપ્રદેશ રાજસ્થાન ઉત્તરાખંડ હિમાચલ પ્રદેશ સુધીના કિસાન સામેલ થશે બાકી રાજયોના પ્રત્યેક જીલ્લામાં ટ્રેકટર માર્ચ કાઢવામાં આવશે

જયારે કિસાન નેતાઓએ કહ્યું કે ૨૬ જાન્યુઆરીની રેલી બાદ માર્ચમાં કિસાન દિલ્હીમાં પણ મોટી બેઠક કરશે.

બેઠક કયારે થશે તેની તારીખ જાહેર કરવામાં આવી નથી તેમણે કહ્યું કે કિસાન આંદોલન દરમિયાન દેશભરમાં કિસાનો પર જે કેસ દાખલ થયા છે તેને લઈ સરકાર કહી રહી છે કે તેણે કેસ પાછા લઈ લીધા છે પરંતુ અત્યાર સુધી પોલીસ સ્ટેશનોમાં કેસ નોંધાયેલા છે તે રદ કરવામાં આવ્યા નથી

આ બેઠકમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઈ જેમાં હરિયાણા અને ઉત્તરપ્રદેશમાં શેરડીના ભાવ ખુબ ઓછા થવા,એમએસપી પર સરકારની નિયમ અને નીતિને સ્પષ્ટ નહીં કરવાના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી કિસાન નેતાઓએ એ પણ કહ્યું કે આંદોલન દરમિયાન જે લોકોએ કિસાનોને સહયોગ કર્યો હતો સરહકાર હવે તેમને પરેશાન કરી રહી છે તેમના ઘરો પર પણ સરકાર દરોડા પાડી રહી છે.

# વડતાલ તાબાનું આફ્રિકામાં પહેલું મંદિર બનીને તૈયાર , ૧૦૦ સંતો સાથે આચાર્ય રાકેશપ્રસાદજી કેન્યાની યાત્રાએ







ભગવાન સ્વામિનારાયણ પ્રસ્થાપિત વડતાલ ગાદીનું આફ્રિકામાં પ્રથમ મંદિર માત્ર બે જ વર્ષના ટુંકા સમયમાં બનીને તૈયાર થઈ ગયું છે. નૈરોબીમાં બનેલા વિશાળ મંદિરનું લોકાર્પણ વડતાલ ગાદીના આચાર્ય રાકેશપ્રસાદજી અને ચેરમેનશ્રી દેવપ્રકાશ સ્વામી , મુખ્ય કોઠારી ડો સંત સ્વામી , નિત્યસ્વરૂપ સ્વામી સરધાર , નૌતમપ્રકાશ સ્વામી , શાસ્ત્રી ભક્તિપ્રકાશ સ્વામી - રામકૃષ્ણ સ્વામી - ધાંગધ્રા વગેરે સંતો દ્વારા ૧ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ કરવામાં આવશે.

આ મંદિર બનાવવામાં સંતો અને હરિભક્તોએ બહુમૂલ્ય ભોગ આપ્યો છે. કોઠારી પાર્ષદ વલ્લભ ભગત છેલ્લા એક વર્ષથી અંહિ રહ્યા છે.પરેશ પટેલ -વડતાલ અને મહેળાવ , પ્રથમેશ નાર , કાંતીભાઈ અને મિતેશભાઈ મહેળાવ ચંદ્રેશ બાબરીયા સૌરાષ્ટ્ર , કુંવરજીભાઈ કચ્છ , જીજ્ઞેશ પીપળાવ , કિશોર રાઘવાણી, જેવા સેવકોએ તમ મન ધનથી યોગદાન આપ્યું છે. જે અંતર્ગત મંદિરનો કળશ અને ધ્વજદંડ પ્યોર સોનાથી રસિત કરીને બનાવવામાં આવ્યો છે. નૈરોબીના આ મંદિરની વિશેષતા અંગે ડૉ. સંતવલ્લભ સ્વામીએ જણાવ્યું હતું કે , વડતાલના ગૌરવ સમાન ઘટના છે. મૂળ સંપ્રદાયનું પોષણ થઈ રહ્યું છે તેનો અમને આનંદ છે.

મંદિરની વિશષતા

■ આ વડતાલ તાબાનું આફ્રિકામાં પહેલું મંદિર છે.

■ મંદિરનો શિલાન્યાસ ૫/૧૨/૨૦૨૦ના રોજ કરવામાં આવ્યો હતો. કોરોના કાળમાં પણ મંદિર બે વર્ષમાં સંપૂર્ણ તૈયાર થયું છે.

■ નૈરોબીનું આ મંદિર ૨૧૮૪૨ સ્કવેર ફૂટમાં જમીનમાં પથરાયેલું છે.

■ મંદિરની પ્રતિષ્ઠામાં ૯૯ સંતો અને ૧૫૦ સત્સંગી સાથે વડતાલના વર્તમાન આચાર્ય હાલ કેન્યાના સત્સંગ પ્રવાસે છે.

■ નિત્યસ્વરુપ સ્વામી સરધાર અને નિલકંઠચરણ સ્વામીના વ્યાસાસને ભક્તિચિંતામણી સપ્તાહ પારાયણ યોજાશે .

■ વડતાલ મંદિર પુરોહિત ધીરેન ભટ્ટ વૈદિકવિધિથી યજ્ઞ એવં પ્રતિષ્ઠા કરાવશે.

■ શિખર સાથે મંદિરની ઉંચાઇ ૬૦ ફૂટ છે અને પહોળાઈ ૧૧૦ ફૂટ છે.

■ મંદિરના ગ્રાઉન્ડફ્લોર પર ૨૫ અને હોલમાં ૭ પીલ્લર છે.

■ આ મંદિરના ગર્ભગૃહની સાઈઝ ૧૦ ફૂટ છે. જેમાં હરિકૃષ્ણ મહારાજની ૪.૮ ફૂટ ઊંચી મૂર્તિ સ્થાપશે. આ સિવાય ૩.૫ ફૂટની અલગ-અલગ મૂર્તિ સ્થાપશે.

■ આ સ્વામિનારાયણ મંદિરમાં એક સાથે ૧૪૦૦ હરિભક્તોને આરામથી દર્શન કરી શકશે.

■ નૈરોબીના મંદિરમાં કુલ ૨૨ પગથિયાં છે.

■ તો મંદિરમાં ૩ ઘુમ્મટ અને ૩ શિખર છે.

■ આ વિશાળ મંદિરની ડિઝાઈન ચેરમેનશ્રી કે કે વરસાણીના માર્ગદર્શન પ્રમાણે ચંદ્રેશભાઈ બાબરીયાએ કરી છે.

■ મંદિરનો કળશ અને ધ્વજદંડ પ્યોર સોનાના રસથી રસિત કરેલા છે.

■ આ મંદિરની આસપાસ ગાર્ડન બનાવવામાં આવ્યા છે.

■ વિદેશની ધરતી પર સતત ૩૦૦ સ્વયંસેવકની ટીમ સેવા આપી રહી છે.

■ આ મંદિર બનાવવા માટે ૩૦ કરોડ રૂપિયાનો ખર્ચે બે વર્ષમાં તૈયાર થયું છે.

■ કે કે વરસાણી (કે સોલ્ટ ) કેન્યાના અગ્રણી ઉદ્યોગપતિ અને મંદિરના ચેરમેન છે, જેમણે મંદિર નિર્માણમાં સિંહ ફાળો આપેલો છે.

■ વડતાલથી સંતોએ ચાર સત્સંગયાત્રા મંદિર નિર્માણ દરમિયાન કરી છે.

■ મંદિરમાં ૭૦૦ લોકો પ્રસાદ લઈ શકે , એવું ભોજનાલય છે.

■ મંદિરમાં ૧૨૫ કાર પાર્કીંગની વ્યવસ્થા છે.

■ મંદિર પ્રતિષ્ઠા પ્રસંગે સનાતન પરંપરાના જાગરણ માટે ૨૧૦૦ પરિવારનો સંતોએ વ્યક્તિગત સંપર્ક કર્યો છે.

## સંસ્થા સમાચાર

સ્થા. : ૧૯૫૩

પ્રગતિ મિત્ર મંડળ

(બોરિવલી - કાંદિવલી)

૭૦ સમાજ સેવાના વર્ષો



પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) અને આદ્યગુરૂજી સ્વ. ચીમનભાઈ દવે સંસ્થાપિત જય ભગવાન એક્યુપ્રેસર સર્વિસ (આંતરરાષ્ટ્રીય)ના સંયુક્ત ઉપક્રમે એક્યુપ્રેસર ઉપચાર પદ્ધતિની નિ:શુલ્ક પ્રશિક્ષણ શિબીરનું આયોજન શુક્રવાર, તા. ૨૩.૧૨.૨૦૨૨ થી શનિવાર તા. ૩૧.૧૨.૨૦૨૨ સુધી દરરોજ રાતના ૮ થી ૯.૩૦ દરમિયાન કાંદિવલી એજ્યુકેશન સોસાયટી ના સહયોગથી એમના ટી. પી. ભાટીયા કૉલેજ, શાંતિલાલ મોદી રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે.

આ શિબીરનું સંચાલન જય ભગવાન એક્યુપ્રેશરના મુખ્યઆચાર્યશ્રી નવનીતભાઈ શાહ ભારતના વિવિધ પ્રાંતો શહરોમાં (કોરોના કાળમાં ઓન લાઈન) આ એક્યુપ્રેશર સારવાર પધ્ધતી દ્વારા સ્વાસ્થ પ્રાપ્ત કરવાનું માર્ગદર્શન છેલ્લા ૪૧ વર્ષથીનિયમિત દરવર્ષે કરી રહ્યા છે. આ શિબીરમાં કાંદિવલીના ૧૦૦થી વધુ ભાઈબહેનો લાભ લઈ રહ્યા છે. પ્રગતિના ટ્રસ્ટીશ્રી વિનોદભાઈ વોરાએ નવનીતભાઈ શાહનું ૪૪૦મા શિબીરમાટે શુભેચ્છાઓ આપી હતી.આ પ્રસંગે પ્રગતિ મિત્ર મંડળના ઉપપ્રમુખ શ્રી લલિતભાઈ મોદીએ શિબીરાર્થીઓનું સ્વાગત કર્યુ હતું. ટ્રસ્ટીશ્રી અનંતભાઈ મહેતાએ પ્રગતિ મિત્ર મંડળની વિવિધ પ્રવૃત્તિ વિશે વિગતવાર માહિતી આપી હતી. અંતમાં માનદ્ મંત્રી શ્રી ભાવેશભાઈ મહેતાએ સર્વ હાજર સભ્યોનો આભાર માન્યો હતો.

## ખેડબ્રહ્મા ના ઊંચીધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં મોક ડ્રીલ યોજાઈ



(કમલેશ રાવલ ખેડબ્રહ્મા દ્વારા )

ખેડબ્રહ્મા તાલુકાના ઊંચીધનાલ ગામે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં કોરોના ની સંભવિત પરિસ્થિતિ ને લઈને મોકડ્રીલ યોજવામાં આવી હતી મેડિકલ ઓફિસર ડૉ. હર્શિદાબેન તથા સ્ટાફ મિત્રો દ્વારા આજરોજ મોક ડ્રીલ યોજાઈ હતી અને મેડિકલ ઓફિસર ડૉ.હર્શિદાબેન ની લોકોના આરોગ્યની સેવા કામગીરી ખુબજ સરસ છે એવું લોકો દ્વારા જાણવા મળેલ છે.

## આનંદાલયે શરૂ કરેલા મિશન - મોજિલા પરિવારની અનોખી કાર્યશિબિર રાજપુર ખાતે યોજાઈ



પરિવારને કેન્દ્રમાં રાખીને આનંદાલય અનેક સામાજિક સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે કટિબદ્ધ છે અને તેથી જ આનંદાલયે મિશન ‘મોજિલો પરિવાર‘ અભિયાન શરૂ કર્યું છે. આપણી શાશ્વત પરિવાર વ્યવસ્થા જે ખળભળી રહી છે તેનાં કારણે અનેક સમસ્યાઓ રોજબરોજ ઘટતી નજરે પડે છે. ડિપ્રેશન, શારીરિક અને માનસિક રોગો, હત્યા, આત્મહત્યા, કજિયા, બનાવટી સંબંધો જેવી અનેક સમસ્યાઓનો ઉકેલ આનંદાલય મોજિલા પરિવારમાં જોઈ રહી છે. આનંદાલય એવા સમર્પિત સાધનોનું વૃંદ છે જે ‘ચારિત્ર્ય નિર્માણ’ દ્વારા સમાજમાં પરિવર્તન લાવવા ઈચ્છે છે. કેમકે વ્યક્તિગત કે સામાજિક દેખાતી તમામ સમસ્યાઓનાં સમાધાનો ‘ચારિત્ર્ય નિર્માણ‘ દ્વારા જ સંભવ છે. આનંદાલય પોતાની ‘સ્થાપનાદિન‘ તારીખ ૦૧ જાન્યુઆરી ૨૦૨૩થી ‘મિશન : મોજિલા પરિવાર‘નો શુભારંભ કરશે. આ મિશન અંતર્ગત સમગ્ર ગુજરાતમાં વાલીઓ માટે તૈયાર કરાયેલા પ્રશિક્ષણને વિધિવત શરૂ કરવામાં આવશે. પ્રશિક્ષિત વાલીઓ ‘પરિવાર ગોષ્ઠી‘ ચલાવે અને તેને કારણે પરિવારના સદસ્યોનું વ્યક્તિત્વ નિર્માણ થાય તે અપેક્ષા છે. કાર્યશાળા સંચાલકોની ત્રિદિવસીય કાર્યશાળા ૨૪ થી ૨૬ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ ગાંધીનગર તાલુકાના રાજપુર ગામે સંપન્ન થઈ. કડકડતી ઠંડીમાં અને એ પણ સાબરમતીના કાંઠે - તંબુમાં આનંદાલયના સાધકો સ્વેચ્છાએ પોતાના ખર્ચે વિચાર મંથન કરવા એકત્ર થયા હતા. આવેલા પચ્ચીસ સાધકો કોઈપણ ભાડાભથ્થા વગર રજા મૂકીને, પદ, પ્રતિષ્ઠા, પ્રમાણપત્ર, પુરસ્કાર કે કોઈપણ પ્રલોભનો વગર શિક્ષકો, અધ્યાપકો, આચાર્યો, ટ્રસ્ટીઓ અને સામાજિકો ઉપસ્થિત રહ્યા હતા. જે ફક્ત ચારિત્ર્ય નિર્માણ દ્વારા ગુણાત્મક પરિવર્તન લાવવા ઈચ્છે છે તેવા સાધકોની આ કાર્યશિબિર હતી. આ કાર્યક્રમમાં તેવા કાર્યકર્તાઓને જ પ્રવેશ આપવામાં આવેલો જે પોતાના કાર્યક્ષેત્રમાં વાલીઓ માટે સાપ્તાહિક મિલન કેન્દ્ર શરૂ કરવા ઈચ્છે છે. આ કાર્યશિબિરમાં ૨૩ ડિસેમ્બર શુક્રવારે સાંજે જ સહભાગીઓ આવી પહોંચ્યા હતા. પૂર્ણ ત્રણ દિવસ સવારના ૦૬:૦૦ વાગ્યાથી લઈને રાત્રીના ૧૦:૦૦ વાગ્યા સુધી એવી પ્રક્રિયાઓ કરાવવામાં આવી કે સહભાગી પોતાનું સ્વ મૂલ્યાંકન કરીને સ્વ-વિકાસથી અન્યોને દૃષ્ટિ-પૂર્ણ જીવન શીખવી શકે. કાર્યશાળાની તમામ પ્રવૃત્તિઓ સૈદ્ધાંતિક સમજ સાથેની હતી. જેમાં ચર્ચા વિચારણા કરીને વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તવો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. પરિણામ સ્વરૂપે ×પરિવાર મોજિલો× બને અને ચારિત્ર્ય સંપન્ન સામાજિકનું નિર્માણ થાય તે માટે સહભાગીઓ પોતાનાથી શરૂ કરીને પોતાના ક્ષેત્રમાં વાલીઓની સાપ્તાહિક કાર્યશાળાઓ ચલાવવાના સંકલ્પ સાથે છૂટા પડ્યા હતા. આ કાર્યશિબિરમાં પાર્થેશભાઈ પંડ્યા અને બિન્દુબેન પંડ્યાનું વિશેષ માર્ગદર્શન પ્રાપ્ત થયું. આ કાર્યશિબિરમાં આનંદાલયના સંયોજક ડૉ. અતુલભાઈ ઉનાગર, મિશન મોજિલા પરિવારના સંયોજક ડૉ. ધવલભાઈ સોલંકી. રાજપુર કાર્યશાળાના સંયોજક શ્રી પ્રતિકસિંહ પરમાર, કાર્યશાળાના મહાપ્રબંધક શ્રીમતી ભાવનાબેન પટેલ અને વર્ગાધિકારી ડૉ. ગુલાબભાઈ પટેલ વગેરે મહાનુભાવોનો સહભાગીઓને વિશેષ લાભ પ્રાપ્ત થયો હતો. આ કાર્યશાળાની તમામ સગવડો રાજપુર ગામ તરફથી પ્રાપ્ત થઈ હતી.

પ્રેષક :- ડૉ. અતુલભાઈ ઉનાગર

## જીઈબી કોલોની, ગાંધીનગર ખાતે જીઇબી એન્જીનીયર્સ એશોસીએશનનો સન્માન સમારંભ યોજાયો



ગાંધીનગર જીઈબી કોલોની ખાતે જીઈબી એન્જીનીયર્સ એશોસીએશન દ્વારા તાજેતરમાં ચૂંટાયેલા નવા હોદ્દેદારોનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. ગઈ કાલે વડોદરા ખાતે યોજાયેલ એસોસિએશનની ચૂંટણીમાં સતત ચોથી વખત વિજેતા સેક્રેટરી જનરલ શ્રી બી.એમ.શાહ, વાઈસ પ્રેસિડન્ટ (જનરેશન)શ્રી એ બી પ્રજાપતિ,જનરલ સેક્રેટરી (જનરેશન) શ્રી બી.એ.પટેલ એડી.જનરલ સેક્રેટરીશ્રી આર જી પટેલ, ઝોનલ સેક્રેટરી શ્રી સી.એસ. પટેલ વગેરે હોદ્દેદારોનો સન્માન સમારંભ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે કર્મચારી સંકલન સમિતિના અગ્રણી તથા અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના સીનીયર સેક્રેટરી જનરલ શ્રી બળદેવભાઈ પટેલ નું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.આ સન્માન સમારંભમાં અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના હોદ્દેદારો શ્રી વાય.એમ.ચંપાવત,શ્રી કલ્યાણસિંહ,તથા ગાંધીનગર પાવર સ્ટેશનના એન્જીનીયર્સ તથા કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.સન્માન સમારંભનું સંચાલન સર્કલ સેક્રેટરી શ્રી એ.ઝેડ.લીંબાચીયાએ કર્યું હતું.

## ભરુચમાંથી ૧૬ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ત્રણ આરોપી ઝડપાયા

ભરૂચ,તા.૨૭

ગુજરાતમાં ડ્રગ્સનું દૂષણ વધી રહ્યું છે. એક પછી ડ્રગ્સની હેરાફેરીનો પર્દાફાશ થઈ રહ્યો છે. હજુ તો એક દિવસ પહેલા જ ઓખાના દરિયામાંથી ૩૦૦ કરોડ રુપિયાથી વધુનું ડ્રગ્સ ઝડપાયુ હતુ. ત્યારે હવે ભરૂચમાંથી પણ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ૩ વ્યક્તિને પોલીસે ઝડપી લીધા છે. ભરૂચ બી ડિવિઝન પોલીસે મેફેડ્રોન ડ્રગ્સ સાથે ૩ કેરિયરને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી ૧૬ ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યું છે. મળતી માહિતી મુજબ આરોપીઓ મુંબઈથી ડ્રગ્સ મગાવી વેચવાનો પ્રયાસ કરતા હતા. જો કે પોલીસે બાવા રેહાન દરગાહ નજીક વોચ ગોઠવી કેરિયરને ઝડપી પાડ્યા છે.

૩૧ ડિસેમ્બર જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ પોલીસની સતર્કતા પણ વધી રહી છે. ખાસ કરીને નશીલા પદાર્થોની હેરાફેરીને લઈને પોલીસ વધુ સતર્ક બનતી જઇ રહી છે. ત્યારે ભરુચ ᗷ ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે ભરુચમાં મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો લાવી અને વેચવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેના આધારે પોલીસે ભરુચના બાવા રેહાન દરગાહ નજીક વોચ ગોઠવી હતી. ᗷ ડીવીઝન પોલીસને આ દરમિયાન એક કારમાં સવાર વ્યક્તિઓ દ્વારા ડ્રગ્સની લેવડદેવડ કરવાની કામગીરી ચાલી રહી હોવાનું નજરે પડતા તરત જ રેડ કરવામાં આવી હતી.આ સાથે જ આ ત્રણેય વ્યક્તિઓ પાસેથી ૧૬ ગ્રામ જેટલુ મેફેડ્રોન ડ્રગ્સ ઝડપાયુ હતુ. જેથી પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસે આ સાથે જ ત્રણેય આરોપીઓની પુછપરછ શરુ કરી છે. આ આરોપીઓ ડ્રગ્સ ક્યાંથી લાવ્યા હતા અને આગળ કોને આપવાના હતા,સાથે જ આ મામલે અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે વગેરે મુદ્દે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આચાર્ય લોકેશજી અને રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ ગુરમિત સિંહજી એ હાપુડમાં રાષ્ટ્રીય એકતા અને ચારિત્ર્ય નિર્માણ કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન કર્યું

### સૈનિકોના પરિવારોનું સન્માન કરવું એ ગર્વની વાત છે - રાજ્યપાલ ગુરમિત સિંહજી રાષ્ટ્રની સુરક્ષાનો આધાર દેશવાશીઓના ચારિત્ર્ય પર છે - આચાર્ય લોકેશજી




ઉત્તરાખંડના મા. રાજયપાલ, લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) ગુરમિત સિંહજી અને અહિંસા વિશ્વ ભારતીના સંસ્થાપક આચાર્ય લોકેશજીએ રાષ્ટ્રીય સૈનિક સંસ્થાના નેજા હેઠળ રાષ્ટ્રીય એકતા અને ચારિત્ર્ય નિર્માણ દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન કર્યું. આ પ્રસંગે તમામ મહેમાનોએ શહીદ સૈનિકોના પરિવારો સહિત રાષ્ટ્રીય સૈનિક સંસ્થાના કાર્યકરોનું પણ સન્માન કર્યું હતું. વિશ્વ શાંતિ દૂત પ્રસિદ્ધ જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રની સુરક્ષા માત્ર નદીઓ, પર્વતો કે સરહદી રેખાઓ પર જ નહીં પરંતુ દેશવાસીઓના ચારિત્ર્યની તાકાત પર નિર્ભર છે, તેના માટે આપણે વ્યક્તિત્વ ઘડતર પર ધ્યાન આપવું પડશે. તેમણે કહ્યું કે સાંપ્રદાયિક કટ્ટરતા, જાતિવાદી જુસ્સો, પ્રાદેશિકવાદ, નક્સલવાદ રાષ્ટ્રીય એકતાને નબળી પાડે છે. માનવતાવાદના માર્ગે જ રાષ્ટ્રીય એકતા મજબૂત થશે. તેમણે શહીદ બહાદુર જવાનો માટે કહ્યું કે તેમના કારણે જ આપણે શાંતિથી સૂઈ શકીએ છીએ.ઉત્તરાખંડના રાજયપાલ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) ગુરમિત સિંહજીએ કહ્યું કે દેશની સરહદો પર રાષ્ટ્રની રક્ષા કરનારા સૈનિકો અને સૈન્ય પરિવારોનું સન્માન કરવું ગર્વની વાત છે. આ દરમિયાન તેમણે દેશના પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહજીને તેમની જન્મજયંતિ પર યાદ કર્યા હતા . રાજ્યપાલે કહ્યું કે રાષ્ટ્રીય એકતા અને ચારિત્ર્ય નિર્માણ બંને એકબીજાના પૂરક છે. ચારિત્ર્ય નિર્માણ વિના રાષ્ટ્રીય એકીકરણ શક્ય નથી. ચારિત્ર્ય ઘડતર માટે શિસ્ત, પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠા જરૂરી છે. તેમણે કહ્યું કે આપણે હંમેશા શહીદોના પરિવારો અને બહાદુર મહિલાઓની મદદ કરવી જોઈએ. દેશની રક્ષા માટે સર્વસ્વ સમર્પિત કરનારા શહીદ દેશભક્તોના પરિવારોની સંભાળ રાખવી એ આપણા સૌની જવાબદારી છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય સૈનિક સંસ્થા હંમેશા શહીદોના પરિવારો અને તેમના આશ્રિતોને મદદ કરતી રહી છે, જે પ્રશંસનીય છે.રાષ્ટ્રીય સૈનિક સંસ્થાના પ્રમુખ કર્નલ ટી.પી.ત્યાગીજી એ જણાવ્યું હતું કે આપણા વડીલો અને આપણા નેતાઓને યાદ કરીને, તેમની વિચારસરણી અને તેમના વિચારોને યાદ કરવાથી સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં મોટું યોગદાન મળે છે. તેમણે કહ્યું કે જ્યારે કોઈ ભારતીય રાષ્ટ્રીય એકીકરણ અને ચારિત્ર્ય નિર્માણ વિશે વાત કરે છે ત્યારે ખૂબ જ આનંદ થાય છે. આવી સ્થિતિમાં આપોઆપ ખબર પડી જાય છે કે લોકોની ધારણા કેટલી વિશાળ છે.આંધ્રપ્રદેશ સરકારના મુખ્ય સલાહકાર રાજન છિબ્બરજીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સૈનિક સંસ્થા બહાદુર સૈનિકો અને દેશભક્ત નાગરિકો સાથે વ્યક્તિગત અને ચારિત્ર્ય નિર્માણના ક્ષેત્રમાં કામ કરી રહી છે. રાષ્ટ્રીય એકીકરણ અને ચારિત્ર્ય નિર્માણ કાર્યક્રમ તેનું ઉદાહરણ છે. આ પરિવારનું નિર્માણ આપણા હજારો દેશભક્ત નાગરિકો અને બહાદુર સૈનિકોએ આત્મસમર્પિત ભાવનાથી કર્યું છે, આ પરિવારનો સભ્ય હોવો દરેક માટે ગર્વની વાત છે.કાર્યક્રમનું સંકલન સંસ્થાના જિલ્લા પ્રમુખ જ્ઞાનેન્દ્ર ત્યાગીજી સુમન ત્યાગી, પશ્ચિમ ઉત્તર પ્રદેશની મહિલા બ્રિગેડ એ કર્યું હતું; વાય. પી. સિંહ, રાષ્ટ્રીય અધ્યક્ષ, ભારતીય નર્સરી મેન્સ એસોસિએશન; આ કાર્યક્રમમાં સંસ્થાના રાષ્ટ્રીય સચિવ રાજેન્દ્ર બગાસીજી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત લલિતકુમાર અગ્રવાલજી , એડવોકેટ મુકુલ કુમાર ત્યાગીજીન , બ્રજ ભૂષણ ત્યાગીજી , હેમરાજ ત્યાગીજી , પ્રદેશ પ્રમુખ કેપ્ટન સુરેશ ચંદજી , પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.માર્ગુબ ત્યાગીજી , ડો.નીલમ પવારજી , ઉષા રાણાજી , જગેશ ત્યાગીજી , નવીન ત્યાગીજી , નવરત્ન ડો. ત્યાગીજી , ડો.એસ.કે.કૌશિકજી , પંડિત નાનકચંદ શર્માજી ઉપસ્થિત રહ્યા હતા. શહીદ પરિવારનાં નાઈક કરતાર સિંહજી , સિપાહી લખરામજી , નાઈક હરવિંદર સિંહજી , સિપાહી જિતેન્દ્ર સિસોદિયાજી , સિપાહી કુલદીપ પુનિયાજી , બલરામ સિંહજી , શૌર્યચક્ર રણજીત સિંહજી , વીરચક્ર વિંગ કમાન્ડર સુધીર ત્યાગીજી , સ્વાતંત્ર્ય સેનાની જાબેર ખાનજી , સિપાહી રાજપાલ સિંહજી , શોભિત શર્માજીના પરિવારજનોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.